અપીલ અરજી નં.૪૫ તા.૨૭–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – સુભાષચંદ્ર પી. શાહ તથા અન્ય ગાયત્રી સોસા.વિ–૧ના રહીશો
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી
(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ ગાયત્રી સોસાયટી વિભાગ–૧ ના રહીશોની તા.૩–૧–૧૧ ની અરજીથી રહેઠાણ નં.૧ થી ૮ ના રહેવાસીઓની વિપદા અંગે લખેલ દશ પત્રો છતાં કોઈ કાર્યવાહી ન કરવા અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૪–૧૧ ની **SMC/FAP/** નં.૪૫/૨૦૧૧–૧૨

ગાયત્રી સોસાયટી વિભાગ–૧ ના રહીશોની તા.૩–૧–૧૧ની અરજીથી રહેઠાણ નં.૧ થી ૮ ના રહેવાસીઓની વિપદા અંગે લખેલ દશ પત્રો છતાં કોઈ કાર્યવાહી ન કરવા અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી એક માસ અને ત્રણ સપ્તાહના વિલંબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારની મુળ અરજીમાં નિર્દિષ્ટ અરજીની નકલો તથા તે અંગે થયેલ કાર્યવાહીની મુળ અરજીના પરિપેક્ષમાં વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૫ તા.૬–૫–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને લગભગ એક માસ ત્રણ સપ્તાહ જેટલી વિલંબિત અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ ૧૯(૧) હેઠળ વિલંબ માટે વ્યાજબીપણું રજુ કરવા તથા જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી મળેલ પ્રતિભાવની કોઈ વિગતો સાથે અપીલમાં નારાજગી અંગે આવેલ ન હોઈ તે જણાવવા અગર તેની નકલ રજુ કરવા સાથે તેમની મુળ અરજીમાં નિર્દિષ્ટ અરજીઓની નકલો પણ સામેલ કરેલ નથી જેથી તે પણ મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૩૨ તા.૭–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારે કરેલ તા.૪–૧૦–૧૦ તથા તા.૨૯–૯–૦૯ ની અરજીની નકલ તેમજ રાંદેરઝોન તરફથી ગાર્ડન સુપ્રિ.શ્રી ને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૬૬ તા.૧૫–૧–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ અંગે તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ગાર્ડન સુપ્રિ. શ્રી તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૧૩૫૨ તા.૨૮–૧–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ તેમજ વેસ્ટઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૬૮૧ તા. ૨૮–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૩–૫–૧૧ ના રોજ પૂરક પત્ર જેમાં અરજદાર તરફથી કરવામાં આવેલ અરજીઓની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૧–૧૧ ની અરજીથી રાંદેરઝોન પ્લોટ નં.૪૦૫ ૪૦૬/૧ ૪૦૬/૨ પૈકી પ્લોટ નં.૩ માં આવેલ ગાયત્રી સોસા. વિ–૧ ના ઉત્તર દિશામાં આવેલ રહેણાંક નં.૧ થી ૮ ના રહેવાસઓની ઉત્તર દિશામાં અડીને આવેલા સુરત મ્યુ.ના કોમન પ્લોટમાં જેનો હાલમાં દબાણ ખાતા તરફથી જપ્ત કરેલો માલ સામાન રાખવા માટે ઉપયોગ થાય છે. જેમાં બે જંગી ઔદુમ્બર (ઉમરાના વૃક્ષો) જે ગાયત્રી પરિવારને વિભાજીત કરતી દિવાલને અડીને આવેલા છે જે અંગે તા.૨૯–૯–૦૯ ના વિગતવાર જણાવેલ. કારણોને લઈને છેદન કરવા વિનંતી છે. મુખ્ય કારણ વૃક્ષને કારણે અમારી મિલ્કતને નુકશાન ચામા ચીડીયાના લીધે ગંદકી તેમજ રોગ થાય છે તેવું જણાવી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી કમિ. શ્રી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ. નં.૬૬૬ તા.૧૫–૧–૧૧ થી મુદ્દા નં.૧,૨ અને ૩ માટે ગાર્ડન સુપ્રિ. ગાર્ડન વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીપીજી/૧૩૫૨ તા. ૨૮–૧–૧૧ થી તથા મુદ્દા નં.૪ અને ૫ અંગે પત્ર ક્રમાંક વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૮૧ તા.૨૮–૧–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧ શા માટે દશ દશ પત્રો લખ્યા છતાં ક્રમાંક ૧,૨ અને ૩ સુરત મ્યુ. કોર્પોરેશનના તં ત્ર ધ્વારા અમો નાગરીકોને કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. (૨) ઉકત દર્શાવેલ પત્રો પર કોઈ પણ કાર્યવાહી નહીં કરવામાં આવી હોય તો શા માટે? (૩) આ અસરકર્તા રહેવાસીઓની મિલ્કતને નુકશાન થાય છે તેની જવાબદારી મહાનગરપાલિકા સ્વીકારવા તૈયાર છે? ન હોય તો કેમ? હેલ્થ આરોગ્ય શાખા સુપ્રમાણિત કરશે કે વાગોળના (ચામા ચીડીયા) ના અતિક્રમણ થી કોઈ રોગ ફેલાવવાની શકયતા નથી (૫) વાગોળો પક્ષી ચામા ચીડીયા ધ્વારા ફેલાતા રોગોના પ્રકારોનું લીસ્ટ જેથી ભવિષ્યમાં જરૂર પડે તો કાર્યવાહી કરી શકાય. જે બાબતે અરજદારે એક માસ અને ત્રણ સપ્તાહના વિલંબથી તા.૨૭–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે એક માસ અને ત્રણ સપ્તાહના વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના

હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જે અંગે અરજદારને અપીલ અરજીના વિલંબ અંગે વાબીજપણું રજૂ કરવા તેમજ મળેલા પ્રતિભાવની કોઈ વિગતો તમોએ અપીલમાં નારાજગી અંગે જણાવેલ ન હોઈ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અપીલ અરજીમાં તે જણાવવા અરજદાર સફળ રહેલ નથી. વધુમાં અરજદારે અપીલમાં માંગેલ માહિતી ૩૦ દિવસમાં પૂરી પાડવામાં આવેલ નથી કે અરજીના અસ્વીકાર બાબતે લેખિતમાં કોઈ જાણ કરવામાં આવી નથી તેમજ માહિતી અરજીનો જવાબ આપ્યો ન હોઈ તેવું જણાવી કરેલ અપીલ બાબતે બંને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બંને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુભાષચંદ્ર પી. શાહ